<u>આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ઇનપુટ ડીલર્સના  ડિપ્લોમાના પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ</u>

ઇન્સ્ટિટયુટ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન, આ.કૃ.યુ., આણંદ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ના  ડિપ્લોમા ઇન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઇનપુટ ડીલર્સ (DAESI) પ્રોગ્રામની પાંચમી બેચનો પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ તા.૦૩-૦૬-૨૦૧૭ ના રોજ આ.કૃ. યુ., આણંદ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષશ્રી, ડૉ.એન.સી.પટેલ, માનનીય કુલપતિશ્રીએ ઇનપુટ ડિલરોને કૃષિ વિષયક સાચી તાંત્રિકતા ખેડૂતો સુધી પહોંચાડવા આહવાન કર્યું હતું. ઇનપુટ ડિલરોને આધુનિક ખેતી વિષયક જ્ઞાન મળી રહે તે હેતુસર ટૂંકા સમયગાળાના રિફ્રેશર કોર્સ શરૂ કરવાનું જણાવ્યું. આ અભ્યાસનો સાચો ઉપયોગ ત્યારે જ થયો ગણાય કે જયારે તેઓએ મેળવેલ જ્ઞાન ખેડૂતો સુધી પહોંચાડશો.  નફા કરતાં ખેડૂતોનું હિત વિચારી વ્યવસાય કરશો તો તમને ખૂબ જ સંતોષનો અનુભવ થશે. ડિપ્લોમા પ્રમાણપત્રોનું વિતરણ કરી આશિર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ ખાતાના સંયુકત સચિવશ્રી, જે.ડી.દવે મુખ્ય  મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. તેઓશ્રી ઇનપુટ ડિલરોના પ્રતિભાવોથી પ્રભાવિત થયા હતા. તેઓએ ઇનપુટ ડીલરોને  પાયાના વિસ્તરણ કાર્યકરો તરીકે બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, ખેત ઓજારોને લગતી સચોટ તાંત્રિકતા ખેડૂતો સુધી પહોંચાડવા જણાવ્યું હતું.

આ પ્રસંગે ડૉ.કે.બી.કથીરીયા, સંશોધન નિયામકશ્રી, અતિથિ  વિશેષ તરીકે હાજર રહી ઇનપુટ ડીલરો ને બિરદાવ્યા હતા. આણંદ કૃષિ યુનિવર્સિટીની કૃષિ વિષયક  ભલામણો ખેડૂતો સુધી પહોંચાડવા આહવાન કર્યું હતું. ડૉ.અરૂણ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ઇનપુટ ડિલરોના અભ્યાસક્રમના તેમણે હાથ ધરેલ સંશોધન અંગે જણાવ્યું હતું. ડૉ.પી.એમ.ભટ્ટ , નિયામકશ્રીએ શાબ્દિક સ્વાગત કરી જણાવ્યું હતું કે આ અભ્યાસક્રમ ઇનપુટ ડીલરોને વિતરકમાંથી સારા વિસ્તરણ કાર્યકર્તામાં પરિવર્તિત કરવા અતિ  મહત્વનો ફાળો ભજવે છે.

આ પ્રસંગે ઇનપુટ ડીલરોએ  સંસ્મરણો વાગોળી અભ્યાસક્રમના પ્રતિભાવો આપ્યા હતા. તદ્ઉપરાંત વર્ષ ૨૦૧૭-૧૮ ની છઠ્ઠી બેચના ઇનપુટ ડીલરોને આવકારી અભ્યાસક્રમ અંગેની માહિતી આપી હતી.

આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન ડૉ.એ.આર.મેકવાને, નાયબ નિયામકશ્રીએ કર્યું હતું.


INSTITUTE OF DISTANCE EDUCATION
DIRECTORATE OF
RESEARCH & DEAN PG STUDIES
ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND
Certificate Distribution & Orientation Programme
For
Dealers (DAESI)
On



# પ્રમાણપત્ર અને ટ્રોફી અર્પણ













AAU
ANAND
Certifica
Diploma






મહાનુભવો સાથે પાંચમી બેચના ઇનપુટ ડીલરોનો ગ્રુપ ફોટો